# ૭. હે મુજ માતૃભૂમિ !

## ફકીર મહંમદ મન્સૂરી

ફકીર મહંમદ જમાલભાઈ મન્સૂરીનો જન્મ ૧૦ ડિસેમ્બર, ૧૯૨૬ના રોજ ધીણોજમાં થયો હતો. એમ.એ., બી.એડ. થયા પછી પ્રાધ્યાપક તરીકે કાર્યરત રહ્યા. વલ્લભવિદ્યાનગરમાં સ્થાયી થઈ ત્યાંની જ નલિની-અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટસ્ કોલેજમાં અધ્યાપન કાર્ય કર્યું. તેમના કાવ્યસંગ્રહ 'ઈજન' માટે તેમને ૧૯૬૮માં ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતાં. 'કાવ્યમધુ' તથા 'કાવ્ય પરિમલ' નામે તેમણે સહસંપાદનના પુસ્તકો પણ આપ્યા છે.

## સૂર કૃતિનો

માતૃભૂમિની વંદનાનું આ કાવ્ય છે. માતૃભૂમિને સંબોધીને રચાયેલા આ દેશભક્તિગીતમાં કવિનો માતૃભૂમિ પ્રત્યેનો અહોભાવ અને તન્મયતાનો ભાવ વ્યક્ત થયો છે. ભારતભૂમિને મળેલા ભવ્ય અને તેજસ્વી વારસાનો કવિને સ્વાભાવિક જ ગર્વ છે. માતૃભૂમિની માટી પણ મઘમઘતી છે. સંતોનો અમૂલ્ય વારસો અને ક્રાંતિકારી શહીદોની આ પાવન ભૂમિ માટેની વાત કાવ્યમાં વ્યક્ત થયેલી છે. કાળની થપ્પડો સામે પણ ઝઝૂમતી માતૃભૂમિમાં દૈવીઅંશ રહેલો છે, તેવું કવિ કહે છે.

હે મુજ માતૃભૂમિ !
રગરગના પ્રતિસ્પંદનમાં બસ તું જ રહી છે ઘૂમી ! હે૦

કણ માટી તારી, ગરવા
ભૂત થકી મઘમઘતી,
નર્યાં તેજનાં સિંચન પામી
મોતી શી ઝગમગતી !
રોમ-રોમ પુલકિત અમ થાતાં લેતાં તવ પદ ચૂમી ! હે૦

તેજ ભાનુના ભર્ગના જગતે
પ્રથમ ઋચા લલકારી,
ભેટ ધર્યા તે કવિ યુગંધર
સંતો સૌ અલગારી !
વિભવ વૃષ્ટિથી ધન્ય ધરા જ્યાં મધુરપ લૂમી-ઝૂમી ! હે૦

લીલાં મસ્તક જહીં વધેરી
રળી શહીદી રાતી !



કર કોમળ કંકણવંતાએ

ધરી તેગ જ્યાં તાતી !

કાળથપાટો કૈંક જીરવી, દૈવતવાળી ભૂમિ ! હે ૦

## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતા પહેલા માતૃભૂમિના અમૂલ્ય વારસાની ચર્ચા કરી શકાય. દેશના ભૂતકાળમાં થઈ ગયેલી મહાન વિભૂતિની ચર્ચા કરી શકાય. વર્તમાન કાળમાં કાર્યરત નેતાઓની ચર્ચા કરી માહિતી વિદ્યાર્થીઓ પાસેથી મેળવી શકાય. દેશની પ્રગતિમાં સંત, મહંત, વેદ-ઉપનિષદ, શહીદો વગેરેએ કરેલાં યોગદાનની વાતોથી દેશાભિમાનનું વાતાવરણ સર્જી શકાય. કાવ્યની પંક્તિઓ વિશે ચર્ચા કરાવી શકાય. દેશભક્તોના ત્યાગની વાતોથી દેશાભિમાનનું વાતાવરણ સર્જી શકાય. સ્વતંત્રતાનું મૂલ્ય સમજાવી શકાય. વિવિધ ક્ષેત્રમાં દેશની થયેલી પ્રગતિની વાતોની ચર્ચા કરી દેશની ગૌરવગાથા જણાવી વિદ્યાર્થીઓનાં નૈતિકમૂલ્યો ઉજાગર કરી શકાય અને દેશભાવના કેળવી શકાય.

★ નોંધ : ભર્ગ એટલે તેજ.


## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલાં શબ્દો શોધો :**

(૧) આનંદિત (૨) વૈભવ (૩) તલવાર (૪) પૃથ્વી

(૫) વર્ષા (૬) મનમોજી (૭) માથું (૮) નસ

**સ. ૨. જોડી બનાવો.**




**સ. ૩. શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો.**

(૧) વેદની કાવ્ય કડીઓ - _______________

(૨) યુગને ધારણ કરનાર - _______________

(૩) કાળે ઝીંકેલી આફતો - _______________

(૪) કોઈ મહાન હેતુ માટે પ્રાણનો ભોગ આપનાર - _______________

**સ. ૪. કાવ્યમાં આવતાં પ્રાસયુક્ત શબ્દ લખો.**

**સ. ૫. શબ્દોની અંતાક્ષરી પૂરી કરો :**

(૧) લહાય → ☐ → ☐ → ☐ → ☐ → ☐

(૨) પુલકિત → ☐ → ☐ → ☐ → ☐ → ☐

(૩) પ્રથમ → ☐ → ☐ → ☐ → ☐ → ☐

(૪) જીરવી → ☐ → ☐ → ☐ → ☐ → ☐

## સ. ૬. જાણીતાં નામ લખો.

(૧) ______ – શહીદ
(૨) ______ – વીરાંગના
(૩) ______ – વેદ
(૪) ______ – સંત
(૫) ______ – કવિ

## સ. ૭. રૂઢિપ્રયોગનો અર્થ લખી વાક્ય બનાવો.

(૧) રોમ રોમ પુલકિત થવું.
(૨) અવાજ ભીનો થઈ જવો.
(૩) અંજાઈ જવું
(૪) ગુજારો કરવો.

## સ. ૮. કાવ્યના આધારે ખૂટતો શબ્દ લખી વાક્ય પૂર્ણ કરો.

(૧) માટીના કણ કણ માતૃભૂમિના ____________ ભૂતકાળથી મઘમઘે છે.
(૨) માતૃભૂમિ તેજના છટકાવથી ____________ જેમ ઝગમગે છે.
(૩) વેદની કાવ્યની કડીઓને ____________ કહે છે.
(૪) માતૃભૂમિની રક્ષા કાજે કંકણ પહેરેલાં કોમળ હાથે ____________ ધારણ કરી છે.
(૫) માતૃભૂમિ અનેક આફતો જીરવીને ____________ ભૂમિ બની છે.

## સ. ૯. પ્રસ્તુત કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

## સ. ૧૦. નમૂના પ્રમાણે પ્રશ્નો બનાવો.

દા.ત. રગરગના પ્રતિસ્પંદનમાં બસ, તું જ રહી છે ઘૂમી → માતૃભૂમિ ક્યાં ઘૂમી રહી છે ?

(૧) રોમ-રોમ પુલકિત અમ થાતાં લેતાં તવ પદ ચૂમી.
(૨) વિભવવૃષ્ટિથી ધન્ય ધરા.
(૩) તે જ ભાનુના ભર્ગની જગતે પ્રથમ ઋચા લલકારી.
(૪) નર્યાં તેજનાં સિંચન પામી મોતી શી ઝગમગતી.
(૫) કાળ થપાટો કૈંક જીરવી દૈવતવાળી ભૂમિ.

## સ. ૧૧. વિશેષણ સાથે નામની યોગ્ય જોડી બનાવો.

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| **વિશેષણ** | **નામ** |
| (૧) થનગનતા | (અ) તારલા |
| (૨) મઘમઘતાં | (આ) મોતીડાં |
| (૩) ઝગમગતા | (ઇ) મોરલાં |
| (૪) ટમટમતાં | (ઈ) ફૂલડાં |

**સ. ૧૨. સંધિ જોડો :**

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | વાત | + | આવરણ | = | __________ | | (૨) | રૂપ | + | અંતર | = | __________ |
| (૩) | ચિંતા | + | આતુર | = | __________ | | (૪) | ન્યાય | + | આલય | = | __________ |
| (૫) | નિજ | + | આનંદ | = | __________ | | (૬) | વિદ્યા | + | આલય | = | __________ |
| (૭) | હરિ | + | ઈશ | = | __________ | | (૮) | પરમ | + | અર્થ | = | __________ |
| (૯) | પુસ્તક | + | આલય | = | __________ | | (૧૦) | ચરણ | + | અમૃત | = | __________ |

## પ્રકલ્પ

★ **પુસ્તકાલયમાંથી દેશપ્રેમને લગતાં બે અન્ય કાવ્યો મેળવી વર્ગના બુલેટીન બોર્ડ પર લગાડો.**

## લેખન કૌશલ્ય

★ **નીચે આપેલા મુદ્દા પરથી વાર્તા તૈયાર કરી યોગ્ય શીર્ષક આપો.**

એક પિતાને બે પુત્ર – ભાગ માગીને નાનાનું છૂટા પડવું – દેશાવર જઈ નાનાનું બેહાલ થવું – ઘેર પાછા ફરવાનો વિચાર થવો – ઘેર પાછા ફરવું ને પિતાની માફી માગવી – પિતાનો ઉદાર વર્તાવ – મોટાને ખોટું લાગવું – પિતાની સમજાવટ – બોધ.

## વિશેષ વાંચન

### અમે તો વસુંધરાના વીર

અમે તો વસુંધરાના વીર ! અમારો ધર્મ : થવું રણધીર !
લાડઘેલી જનનીના જાયા ! લાડકવાયા લગીર !
શિરછત્ર વત્સલ વિભુવરના – અમે કુમાર સગીર ! અમે તો...
ત્રિવિધિ તાપથી સિદ્ધ અમારાં – ઉદ્દીપક ઉર-વીર !
આત્મ-ઉજાસભર્યાં આશા બળ – ઘૂઘવે અમ ગંભીર ! અમે તો...
મ્લાન પ્રાણને પ્રફુલ્લ કરિયે : બનાવિયે નરવીર !
લહરીમય ઉછળી વિહરિયે, બની સ્થિર ધીર સમીર ! અમે તો...

– જન્મશંકર મહાશંકર બૂચ (લલિત)

## સ્વાધ્યાય

**સ. ૧. કાવ્ય વાંચીને તમને થયેલી અનુભૂતિ વર્ણવો.**

**સ. ૨. 'વસુંધરાના વીર' માટે ત્રણથી ચાર લીટી લખો.**

6YY9EF

જે તમને બીજામાં ન ગમતું હોય, એ તમે તમારામાં પણ ન રહેવા દો.